# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૬/૧૦/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં આરસેપ સંદર્ભે મિટીંગ મળી, ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને આરસેપમાંથી દૂર રાખવા સરકારશ્રીને રજૂઆત કરાશે

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવારે, તા. ૧૬ ઓકટોબર ૨૦૧૯ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'આરસેપ'ની ચર્ચા કરવા માટે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના આગેવાનો સાથે મિટીગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના વિવિંગ, નીટિંગ, સ્પીનર્સ, પ્રોસેસિંગ અને ગારમેન્ટીગ સેકટરના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત મુંબઇ, ભીવંડી, માલેગાંવ, ઇચ્છલકરંજી અને અમદાવાદ ખાતેથી વિવિધ પાવરલૂમ્સ એસોસિએશનના પ્રતિનિધીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આ મિટીગમાં ઉપસ્થિત સર્વેએ આરસેપથી ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને ભય હોવાનો મત વ્યકત કરી આરસેપથી ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને દૂર રાખવા માટે સરકારશ્રી સમક્ષ રજૂઆત કરવાનુ નકકી કરવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને જણાવ્યુ હતુ કે ટેક્ષ્ટાઇલ, ડેરી, એગ્રી, ફાર્માસ્યુટીકલ, પેપર અને હેવી ઇન્ડસ્ટ્રીને આરસેપને કારણે થનાર નુકસાન વિશે સરકારશ્રી સમક્ષ અસરકારક રજૂઆત કરવામાં આવશે. તેમણે આજની મિટીગમાં ઉપસ્થિત ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના દરેક સેકટરના આગેવાનોને સૂચનો આપવા માટે અનુરોધ કર્યો હતો.

ભીવંડી પાવરલૂમ એસોસિએશનના શ્રી પુનીત ખીમસીયાએ જણાવ્યુ હતુ કે, ભારત નવેમ્બર ૨૦૧૯માં ૧૫ જેટલા દેશો આરસેપ અંગેનો કરાર કરવા જઇ રહી છે. આ દેશોમાં ચાઇનાનો પણ સમાવેશ થાય છે. ચાઇના ખૂબ જ મોટા પ્રમાણમાં કાપડનો જથ્થો ભારતમાં ડમ્પ કરશે. જેની માઠી અસર ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીની આખી ચેનલ ઉપર પડશે.

ભીવંડીના શ્રી સરોજભાઇએ જણાવ્યુ હતુ કે, ચાઇના પાસે અત્યારે ૫૦ બિલીયન ડોલરનો માલ પડેલો છે. આરસેપ કરારમાં ભારત સિવાય અન્ય કોઇ વિશાળ માર્કેટ ચાઇના માટે નથી. ભારતે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને ટકાવી રાખવા માટે કેપીટલ કોસ્ટ ઘટાડીને ઇન્ફ્રાસ્ટ્રકચર પુરુ પાડવુ પડશે. ઇન્ડસ્ટ્રીને પગભર થવા માટે પાંચથી દસ વર્ષનો સમય આપવો જોઇએ.

આદિત્ય બિરલા ગૃપમાંથી શ્રી કિરણભાઇ પંડયાએ જણાવ્યુ હતુ કે, ચાઇનાને કોઇપણ હિસાબે તાત્કાલિક વિશાળ માર્કેટ જોઇએ. તેને પોતાની નજીકનું માર્કેટ ભારતમાં જ મળી રહેશે. આરસેપ કરાર થતાની સાથે જ ચાઇના પોતાની પાસેનો કાપડનો તમામ જથ્થો ભારતના વિશાળ માર્કેટમાં ડમ્પ કરશે. જેથી વિસ્કોસ વેલ્યુ ચેઇન આખેઆખી ડિસ્ટર્બ થશે. સરકારના મેક ઇન ઇન્ડીયા પ્રોજેકટને પણ ગંભીર અસર થશે.

ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ તેમજ ફિયાસ્વીના ચેરમેન શ્રી ભરત ગાંધીએ જણાવ્યુ હતુ કે, સરકાર વિશ્વ કક્ષાએ સર્વિસ ઇન્ડસ્ટ્રી પ્રોવાઇડ કરવાની વાત કરે છે પણ બિઝનેસ જ નહી ચાલશે તો સર્વિસ કોણ લેશે? આથી ડેટા એકત્રિત કરીને સરકાર સુધી ફરીથી પહોંચાડીને અસરકારક રજૂઆત કરવી પડશે.

શ્રી રજનીકાંત બચકાનીવાલાએ જણાવ્યુ હતુ કે, આરસેપમાંથી ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને દૂર રાખવા માટે કોમ્પ્રીહેન્સીવ ડેટા સરકારને આપવો પડશે. સરકાર પાસે આરસેપ માટે સમય વધારાની માંગ કરી શકાય છે.

એસઆરટીઇપીસીના શ્રી શ્રીનારાયણ અગ્રવાલે જણાવ્યુ હતુ કે, ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના બધા સેકટરોએ સંગઠીત થઇને સરકારને આરસેપમાંથી ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને દૂર રાખવા માટે તેમજ ડી કેટેગરીમાં રાખવા માટે રજૂઆત કરવી પડશે.

પ્રતિભા ગૃપના શ્રી રાકેશ ચૌધરીએ જણાવ્યુ હતુ કે, ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને આરસેપમાંથી બચાવવા માટે ડેટા બેંક બનાવી સરકાર સમક્ષ રજૂ કરવી પડશે. આરસેપથી આગળ પરિસ્થિતિ હજી ખરાબ થઇ જશે.

અમદાવાદના શ્રી હિતેન ઠકકરે જણાવ્યુ હતુ કે, આરસેપ એ સર્વિસ, મેન્યુફેકચરીંગ અને ટ્રેડર્સ સહિત ઘણી સુવિધાઓનુ એક કોમન પ્લેટફોર્મ છે. સરકારના ફાયદામાં ઇન્ડસ્ટ્રીને નુકસાન થઇ રહયુ છે તે અંગે સરકારશ્રીનું ઘ્યાન દોરવુ પડશે. સરકાર શા માટે આરસેપ કરાર કરવા માંગે છે તે સરકાર પાસે સમજવુ પડશે.

મુંબઇથી હિન્દુસ્તાન ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધી શ્રી અનુરાગ પોદ્દારે જણાવ્યુ હતુ કે ભારતમાં ડોમેસ્ટીક માર્કેટ ખૂબ જ મોટું છે. આથી આરસેપ કરાર કરવાની કોઇ જરૂરિયાત ભારતને નહી હોવી જોઇએ. ઇન્ડસ્ટ્રી જે ઉત્પાદન કરે છે તેના માટે ભારતમાં જ મોટું માર્કેટ છે.

પાંડેસરા વિવર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી આશિષ ગુજરાતીએ જણાવ્યુ હતુ કે, સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં સ્થપાયેલી ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને આરસેપથી ભારે નુકસાન થશે. જેને કારણે ઇન્ડસ્ટ્રી બંધ થવાનો ભય પણ તેમણે વ્યકત કર્યો હતો.

ચેમ્બરના જીએફઆરઆરસીના ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ જણાવ્યુ હતુ કે, એફટીએ ઘણા વર્ષોથી ચાલે છે તો આરસેપ કરવાની સરકારને શા માટે જરૂરિયાત ઉભી થાય છે. ભારતમાં રો મટિરિયલ ઇમ્પોર્ટ કરવાની જરૂરી નથી.

ફોગવાના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યુ હતુ કે, સરકારે પોલિસી બનાવતા પહેલા ઉદ્યોગને સાંભળવા જોઇએ. શ્રી બ્રિજેશ ગોંડલીયાએ જણાવ્યુ હતુ કે આરસેપની પાછળ ચાઇનાનુ મગજ છે, જે ભારતનુ આખુ માર્કેટ હડપ કરવા માંગે છે. શ્રી મયુર ગોડવાલાએ જણાવ્યુ હતુ કે, સરકાર શા માટે આરસેપ કરાર કરવામાં ઉતાવળ કરે છે તે બાબત ઇન્ડસ્ટ્રીએ સમજવી પડશે.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ જણાવ્યુ હતુ કે, સરકાર સમક્ષ કોઇપણ એક મુદ્દે જ અસરકારક રજૂઆત કરવી પડશે.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ અંતે એવુ સૂચન કર્યુ હતુ કે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના દરેક સેકટરના આગેવાનો મળીને દસથી પંદર જણાનુ એક પ્રતિનિધી મંડળ ચેમ્બરના નેજા હેઠળ નવી દિલ્હીમાં મિનિસ્ટ્રી ઓફ કોમર્સને મળશે. આરસેપ કરાર કરવામાં સરકારને શું રસ છે તે બાબત સમજીને સરકારશ્રીને આ અંગે અસરકારક રજૂઆત કરવામાં આવશે. પ્રમુખશ્રીના આ સૂચનને સર્વેએ આવકાર્યુ હતુ અને નવી દિલ્હી ખાતે મિનિસ્ટ્રી ઓફ કોમર્સને મળવાનું નકકી કરવામાં આવ્યુ હતુ. ટેક્ષ્ટાઇલ બાદ ડેરી, એગ્રી અને હેવી સહિતની અન્ય ઇન્ડસ્ટ્રીની મુશ્કેલી સમજવા માટે પણ ચેમ્બરમાં મિટીગનું આયોજન કરવાનું નકકી થયુ હતુ.